सत्यमेव जयते

ગુજરાત સરકાર

મહિલા અને બાળ વિકાસ વિભાગ

સચિવાલય, ગાંધીનગર

તા. ૦૪/૦૯/૨૦૧૯

//અધિસૂચના//

ક્રમાંકઃ આઈસીડી/૧૦-૨૦૧૮-૧૧૬૭-બ-૧

મહિલા અને બાળ વિકાસ વિભાગ હસ્તકના નાયબ નિયામક વર્ગ-૧ની સીધી ભરતીની કુલ-૪ (ચાર) જગ્યા ભરવા માટે ગુજરાત જાહેર સેવા આયોગ દ્વાર જાહેરાત ક્રમાંક : ૨૦/૨૦૧૮-૧૯ અન્વયે સ્પર્ધાત્મક પરીક્ષાથી GPSC દ્વારા સીધી ભરતીથી પસંદ કરાયેલ ૦૪(ચાર) ઉમેદવારોના પ્રમાણપત્રોની ચકાસણી કર્યાબાદ નીચે કોષ્ટકમાં દર્શાવેલ ૦૪(ચાર) ઉમેદવારોને તેઓના નામ સામે દર્શાવેલ નીચેના કોષ્ટકના કોલમ-૪ સામે દર્શાવેલ સ્થળ પર નીચે દર્શાવેલ શરતોને આધીન તદ્દન હંગામી ધોરણે વિગતવાર નિમણૂંક આપવામાં આવે છે.

| ક્રમ | ઉમેદવારનું નામ/સરનામુ | મેરીટ ક્રમાંક | હોદ્દો અને નિમણૂંક સ્થળ |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | શ્રીમતી પૂર્વી કે.પંચાલ,<br>બી-૧૧, શાંતમણી એપાર્ટમેન્ટ, સત્યાગ્રહ છાવણી પાછળ, પ્રેમચંદ નગર રોડ, બોડકદેવ, સેટેલાઈટ, અમદાવાદ ૩૮૦ ૦૧૫ | ૧ | નાયબ નિયામક, વર્ગ-૧, કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર. |
| ૨ | સુશ્રી નેહાબેન બી.કંથારીયા,<br>૧૫૬-કેન્યાનગર હાઉસ, ઘર નં.૦૩, ન્યુ સમારોડ, વડોદરા-૩૯૦ ૦૦૮ | ૨ | વિભાગીય નાયબ નિયામક, વર્ગ-૧ (આઈસીડીએસ), વિભાગીય નાયબ નિયામકશ્રીની કચેરી, વડોદરા |
| ૩ | સુશ્રી ક્રિષ્ણાબેન કે.વૈષ્ણાણી,<br>ફલેટ નં.૬, મુલચંન્દાની એપાર્ટમેન્ટ, સંતોષ સોસાયટી, વી.ડી.હાઈસ્કુલ ભૂજ, ૩૭૦ ૦૦૧ | ૩ | વિભાગીય નાયબ નિયામક, વર્ગ-૧, (આઈસીડીએસ), વિભાગીય નાયબ નિયામકશ્રીની કચેરી, અમદાવાદ |
| ૪ | સુશ્રી દિશાબેન આર. ડોડિયા<br>હાઉસિંગ સોસાયટી, એસ.ટી. બસસ્ટેન્ડ પાછળ, અમરેલી-૩૬૫ ૬૦૧ | ૪ | નાયબ નિયામક, વર્ગ-૧, કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર. |

ARS

વિભાગના સરખા ક્રમાંકના તા.૦૬/૦૯/૨૦૧૮ ના કાર્યાલય આદેશથી શ્રીમતી વાસવી શ્યામલ સેનગુપ્તાને વિભાગીય નાયબ નિયામકશ્રી, વડોદરાનો તથા શ્રીમતી ઈલાબા આર. રાણાને વિભાગીય નાયબ નિયામકશ્રી, અમદાવાદનો સોંપવામાં આવેલ વધારાના હવાલામાંથી આથી મુક્ત કરવામાં આવે છે.

શરતો:

(૧) આ ઉમેદવારોએ અધિસૂચનાની તારીખથી દિન-૧૫માં નિમણૂંક જગ્યા ઉપર હાજર થવાનું રહેશે. નિયત સમય મર્યાદામાં હાજર નહીં થનારના હુકમો રદ થવાને પાત્ર બનશે. જિલ્લા પ્રોગ્રામ અધિકારી તરીકે હવાલો સંભાળ્યા તારીખને નોકરીમાં જોડાયા તારીખ ગણવામાં આવશે.

(૨) આ ઉમેદવારોએ નિમણૂંક વાળી જગ્યાએ હાજર થતાં પહેલાં આ અગાઉ સરકારી કે અર્ધસરકારી સેવા બજાવી હોય તો અગાઉની નોકરી છોડીને તેમને સેવામાંથી ફરજ મુકત/છુટા કરવામાં આવ્યા છે તે મતલબનો હુકમ રજુ કરવાનો રહેશે.

(3) તેઓએ વિગતવાર નિયુકિતવાળી જગ્યા પર હાજર થતા પહેલા સચિવશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ સમક્ષ તાત્કાલિક સ્વખર્ચે હાજર થવાનું રહેશે. તેઓએ કચેરી ખાતે હાજર થયાની તારીખથી અજમાયશી ધોરણે ગુજરાત રાજયના પ્રોગ્રામ અધિકારી, વર્ગ-૧ તરીકે ફરજો બજાવવાની રહેશે. તેઓને કચેરી ખાતે હાજર થયાની તારીખથી Pre Revised:Pay Band Rs.15600-39100+Rs.6600 Grade Pay, Revised: Level- 11 in Pay Matrix ના પગાર ધોરણમાં ન્યૂનત્તમ તબક્કે મળવાપાત્ર પગાર અને ભથ્થાઓનો ખર્ચ નિમણૂંકવાળી જગ્યાની કચેરીની ગ્રાન્ટમાંથી ઉધારવાનો રહેશે અને મેળવવાનો રહેશે.

(૪) તેઓએ વિગતવાર નિયુકિતવાળી જગ્યા પર હાજર થતા પહેલા સામાન્ય વહીવટ વિભાગના તા.૦૩/૧૨/૧૯૮૬ના પરિપત્ર ક્રમાંક:સીડીઆર/૧૧૮૬/યુઓ/૨૨૪૪/ગ.૨ ઠરાવ્યા મુજબ સોગંદ લેવાના રહેશે.

(૫) તેઓની આ નિમણૂંક સામાન્ય વહીવટ વિભાગના તા.૧૨/૦૧/૭૦ના પરિપત્ર ક્રમાંક:પીએસી/૧૦૬૮/જી, ની જોગવાઇ અનુસાર સંબંધિત સત્તાધિકારીઓ તરફથી મેળવવાના રહેતા પ્રમાણપત્રો જેવા કે ચારિત્ર્ય, વર્તણૂક અને પૂર્વવૃત્તાંત અંગેના પ્રમાણપત્રમાં કશું વિરૂધ્ધ નહીં હોવાની શરતોને આધીન રહેશે. તેઓએ સામાન્ય વહીવટ વિભાગના તા.૧૯/૦૯/૧૬ના પરિપત્ર ક્રમાંક:વીસીએ/૧૦૨૦૧૬૪૨૯૫૪૭/ગ.૨ તથા વખતો-વખતની અન્ય સૂચનાઓની જોગવાઇ અનુસાર સંબંધિત સત્તાધિકારીઓ પાસેથી મેળવવાના રહેતા ચારિત્ર્ય, વર્તણૂક અને પૂર્વવૃત્તાંત અંગેના પ્રમાણપત્ર નિયમાનુસાર રજુ કરવાના રહેશે. જેમાં કોઇ વિરૂધ્ધ બાબત ધ્યાને આવશે તો તેઓની આ અજમાયશી નિમણૂંક કોઇ પણ પ્રકારની નોટીસ વગર સમાપ્ત કરવામાં આવશે.

(૬) તેઓની આ નિમણૂંક તેમના શારીરિક યોગ્યતાના અંગે સ્થાયી તબીબી તપાસ પંચનું તબીબી પ્રમાણપત્ર મેળવામાં આવનાર છે, તેને આધીન રહેશે. ગુજરાત મુલ્કી સેવા(નોકરીની સામાન્ય શરતો)નિયમો-૨૦૦૨ના નિયમ-૧૧ મુજબ શારીરિક યોગ્યતા અંગેનું તબીબી પ્રમાણપત્ર નિયમાનુસાર રજુ કરવાનું રહેશે. નિયત સમયમાં શારીરિક યોગ્યતા અંગેનું તબીબી પ્રમાણપત્ર રજુ નહી કરે અથવા તબીબી તપાસમાં આ જગ્યાએ નિમણૂંક માટે અનફીટ(Unfit) જાહેર થશે તો તે અજમાયશી સેવા સમાપ્ત કરવામાં આવશે.

(૭) આ ઉમેદવારોની અજમાયશી નિમણૂંક તેઓએ ગુજરાત જાહેર સેવા આયોગને સદર જગ્યા માટે કરેલ અરજીપત્રકમાં જણાવેલ શૈક્ષણિક લાયકાત, ઉંમર, જાતિ, અનામત તથા અન્ય વિગતોની ખરાઇ તેમના



ARS

અસલ પ્રમાણપત્રોને આધારે કરવામાં આવેલ છે. તેમ છતાં તેઓએ સબંધિત કચેરી સમક્ષ હાજર થતી વખતે જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત અને અનુસૂચિત જાતિ/ અનુસૂચિત જન જાતિ/સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ / દિવ્યાંગ/ માજી સૈનિક ઉમેદવારોના કિસ્સામાં તે અંગેના અસલ પ્રમાણપત્ર/પ્રમાણપત્રો રજુ કરવાના રહેશે અને તેની ચકાસણી અને ખાત્રી થયાની શરતને આધીન આ નિમણૂંક રહેશે.

જરૂર જણાયે સંબંધિત નિયંત્રણ અધિકારીઓએ આ ઉમેદવારોના અસલ પ્રમાણપત્રોની જે તે યુનિવર્સિટી /સક્ષમ સત્તાધિકારી પાસે ચકાસણી કરી લેવાની રહેશે તથા ઉમેદવારોએ રજુ કરેલ પ્રમાણપત્રો સંપૂર્ણ હોવા અંગેનું પ્રમાણપત્ર વિભાગને મોકલવાનું રહેશે. સંબંધિત નિયંત્રણ અધિકારીએ ઉમેદવાર હાજર થાય તેની તારીખ સાથેની વિગતો આ વિભાગને મોકલવાની રહેશે.

અજમાયશી અધિકારીએ અરજીપત્રકમાં ઉપલબ્ધ માહિતી અન્વયે સેવાપોથી કમિશ્નર કચેરી દ્વારા તૈયાર કરી તેના પહેલા પાનાની પ્રમાણિત નકલ વિભાગને મોકલવાની રહેશે. જો તેઓ આ નિમણૂંક પામતા પહેલા સરકારી નોકરી/અર્ધસરકારી સેવામાં હોય તો, તેમના કિસ્સામાં અરજી પત્રકો સાથે ચકાસણી કરી, તેમની અગાઉની સેવાપોથીના પ્રથમ પાનાની પ્રમાણિત નકલ સદર કરવાની મોકલી આપવાની રહેશે.

(૮) અજમાયશી નિમણૂંકના સમય દરમિયાન તેઓને નિયત થયેલ તાલીમ કાર્યક્રમ મુજબ તેમજ સરકારશ્રી વખતો વખત ઠરાવે તે મુજબની તાલીમ લેવાની રહેશે અને તેવી હેસીયતથી ફરજ બજાવવાની રહેશે. તેમણે પૂર્વ સેવા તાલીમ પરીક્ષા નિયત કરેલ સમયમર્યાદામાં અને તકમાં ઉત્તિર્ણ કરવાની રહેશે. અજમાયશી/તાલીમની સમગ્ર મુદત દરમિયાન તેમને કોઇ ઇજાફો મળવાપાત્ર રહેશે નહીં. અજમાયશી મુદત સંતોષકારક રીતે પુરી થતે તેમને નિયમિત ધોરણે નિમણૂંક અપાય ત્યાર બાદ જ સામાન્ય દરે ઇજાફો આપવામાં આવશે.

(૯) અજમાયશી અધિકારીની વિગતવાર તાલીમનું આયોજન થાય ત્યાં સુધી વહીવટનું પ્રાથમિક/સામાન્ય જ્ઞાન મળી રહે તે હેતુથી સક્ષમ સત્તાધિકારીશ્રીએ તેમની તાલીમ અંગેની વ્યવસ્થા ગોઠવવાની રહેશે. આ તાલીમ પૂર્ણ થયે સરદાર પટેલ લોક પ્રશાસન સંસ્થા, અમદાવાદ ખાતે નક્કી કરવામાં આવનાર તાલીમ કાર્યક્રમ મુજબ તાલીમ લેવાની રહેશે. તેવી જ રીતે ગુજરાત રાજય કોમ્પ્યુટર કૌશલ્ય અને પરીક્ષા નિયમો-૨૦૦૬ની જોગવાઇ મુજબ અજમાયશી સમય દરમિયાન કોમ્પ્યુટર કૌશલ્યની સીસીસી પ્લસ તાલીમ મેળવી તાલીમાન્ત પરીક્ષા પણ પાસ કરી લેવાની રહેશે.

(૧૦) અજમાયશી ગાળા દરમિયાનની ઉમેદવારોની સેવા સક્ષમ અધિકારીને સંતોષકારક ન જણાય તો, કોઇપણ નોટીસ આપ્યા વગર તાત્કાલિક અસરથી આ ઉમેદવારોની આ ઉમેદવારની નિમણૂંક્નો અંત લાવવામાં આવશે. આમ, અજમાયશી સમય દરમિયાનની સેવાઓ તદ્દન હંગામી અને કામચલાઉ ધોરણની ગણાશે. જરૂર જણાયે અજમાયશી સમયની મુદત વધારવાના કિસ્સામાં અલગ હુકમો કરવામાં આવશે.

(૧૧) અજમાયશી સમયગાળા દરમિયાન નિયત થયેલો અભ્યાસક્રમ કે પરીક્ષાઓ સફળતાપૂર્વક પૂર્ણ કરેલ ન હોય તો, તેવા કિસ્સામાં અજમાયશી સમયગાળાની મુદત વધારી આપવાની સરકાર વિચારણા કરશે. આવા અજમાયશી સમયગાળાની સમયમર્યાદાની મુદતા વધારવાના કિસ્સામાં અલગ હુકમો કરવામાં આવશે.

ARS

અંદર આપવાના રહેશે. જયાં સુધી આવું જામીનખત અને જામીન આપવામાં નહિ આવે ત્યાં સુધી ઉમેદવારને તેના પગાર અને ભથ્થા માટે અધિકૃત કરવામાં આવશે નહિ.

(૨૨) આ અજમાયશી અધિકારીઓએ વિગતવાર નિમણૂકના સ્થળે હાજર થતી વખતે શરત-(૨૧)માં દર્શાવ્યા મુજબનો કરાર/જામીનખત કરવાનો રહેશે. જે કરાર પ્રમાણે (ક) નિયત થયેલો તાલીમ અભ્યાસક્રમ પુરો ન કરી શકે અથવા (ખ) નિયત થયેલી સેવા પૂર્વેની પરીક્ષામાં બેસી ન શકે અથવા (ગ) સરકારને સંતોષ થાય તે રીતે અજમાયશી નિમણૂક અંગેના નિયમોની જોગવાઇ પૈકી કોઇ જોગવાઇ પુરી ન કરી શકે અથવા (ઘ) અજમાયશી મુદત સહિત મુળ નિમણૂકની તારીખથી ૩(ત્રણ) વર્ષની મુદત પુરી થયા પહેલાં સેવા છોડી દે તો સરકારે તેઓને આપેલી તાલીમના ખર્ચ ઉપરાંત અજમાયશી તરીકે તેમની નિમણૂક તાલીમ સહિત) દરમિયાન સરકારે ચુકવેલ પગાર અને ભથ્થાં પરત કરવા તેઓ અને તેમના જામીનદારો સંયુકત અને વ્યકિતગત રીતે બંધાયેલા રહેશે અને પરત કરવામાં નહી આવેલી રકમ જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરી શકાશે.

(૨૩) અજમાયશી અધિકારીઓએ વિગતવાર ગુજરાત રાજય સેવા(વર્તણુક) નિયમો, ૧૯૭૧ના નિયમ-(૧૯) (ક)ની જોગવાઇ મુજબ સ્થાવર મિલકત અંગેનું પત્રક સંબંધિત નિયંત્રણ અધિકારી મારફત મહિલા અને બાળ વિકાસ વિભાગ, ગાંધીનગરને તાત્કાલિક મોકલવાનું રહેશે.

(૨૪) આયોગે ભલામણ કરેલ ઉમેદવારોની આ જગ્યા પર નિમણૂંક થાય ત્યારથી માંડીને બે વર્ષ સુધી તેમની કામગીરીનો ખ્યાલ આપતો વાર્ષિક મૂલ્યાંકન અહેવાલ સા.વ.વિ.ના તા.૮-૬-૮૯ના પરિપત્ર ક્રમાંકઃ પીઆરઓ-૧૦૮૬-૫૦૬૮-ગ.ર થી નિયત થયેલ નમૂનામાં વિભાગ મારફત આયોગને અચૂક મોકલવામાં આવે તે જોવાનું રહેશે.

(૨૫) આ નિમણૂંક નામદાર ગુજરાત હાઈકોર્ટમાં દાખલ થયેલ એસસીએ ૧૫૮૩૪/૨૦૧૮ (ભાવના સી. જીડીયા અને અન્ય ૧૮), એસસીએ ૮૪૪/૨૦૧૯ (ભાવના સી. જીડીયા), એસસીએ ૭૧૩૮/૨૦૧૯ (મહેશચંદ્ર કાલીદાસ પરમાર) તથા એસસીએ ૭૧૪૦/૨૦૧૯ (શ્રધ્ધા શિવદયાલ શર્મા)ના આખરી ચુકાદાને આધિન રહેશે.

(૨૬) ઉપર દર્શાવેલ શરતો ઉપરાંત તેઓની આ અજમાયશી નિમણૂક હવે પછી સરકારશ્રી દ્વારા વખતો વખત જે શરતો લાગુ કરાય, તે શરતો પણ તેઓને બંધનકર્તા રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

રાહુલ છત્રપતિ
નાયબ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

બિડાણ: ઉપર મુજબ

---

<u>નકલ જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થે રવાના:-</u>

- માન. મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર



ARS

(૧૨) અજમાયશી અધિકારીએ પોતાના અજમાયશી મુદત દરમિયાન રાજયપત્રિત અધિકારી પૂર્વ સેવા તાલીમ અને પરીક્ષા નિયમો, ૧૯૭૦ની જોગવાઇઓ અનુસાર પૂર્વ સેવા તાલીમ લેવાની રહેશે અને તાલીમાન્ત પરીક્ષા પાસ કરવાની રહેશે.

(૧૩) અજમાયશી સમયગાળા દરમિયાન આ સંવર્ગની નિયત થયેલ પૂર્વ સેવા તાલીમ/ખાતાકીય તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ થયા બાદની પૂર્વ સેવા તાલીમાન્ત પરીક્ષા ઉત્તીર્ણ કર્યા બાદ જ નાયબ નિયામક (વર્ગ-૧) ની જગ્યા ઉપર લાંબાગાળાના ધોરણે નિયમિત નિમણૂંક આપવા વિચારણા કરવામાં આવશે. નિયમિત નિમણૂંક આપતા હુકમો થયેથી જ સેવાઓ નિયમિત થયેલી ગણાશે.

(૧૪) જો તેઓએ અગાઉ સરકારી નોકરી કરેલી હોય અને રાજય સરકારની પ્રવર્તમાન સૂચનાઓ મુજબ જે નોકરીને ધ્યાનમાં લેતા અજમાયશી સમય ઘટાડવાને પાત્ર બનતો હોય તેવા કિસ્સામાં તેમણે ફરજ ઉપર હાજર થયાની તારીખથી એક માસમાં સક્ષમ સત્તા અધિકારી સમક્ષ રૂબરૂ જરૂરી આધાર પુરાવા સાથે લેખિત અરજી કરવાની રહેશે. સક્ષમ અધિકારીએ આવી અરજી આ વિભાગને વિના વિલંબે મોકલી આપવાની રહેશે.

(૧૫) અજમાયશી સમયગાળા દરમિયાન તેઓએ પ્રત્યક્ષ તાલીમ દરમિયાન કરેલ પ્રગતિ અંગેના વાર્ષિક મૂલ્યાંકન આહેવાલ (ઇવેલ્યુએશન રીપોર્ટ) તૈયાર કરી સક્ષમ સતાને રજુ કરવાના રહેશે. આ અહેવાલ સમય મર્યાદામાં રજુ કરવાની તેઓની અંગત જવાબદારી રહેશે.

(૧૬) તેઓએ સરકારશ્રીએ વખતો વખત નક્કી કરેલ હુકમો મુજબ ગુજરાતી અથવા હિન્દી અથવા બન્ને ભાષાઓની પરીક્ષાઓ આપવાની રહેશે અને પરીક્ષાઓમાં સફળ થવાનુ રહેશે.

(૧૭) નાયબ નિયામક (વર્ગ-૧) ની નિમણૂક બદલીપાત્ર રહેશે. રાજય સરકારને જરૂર જણાય તે પ્રમાણે બદલી કરવામાં આવશે.

(૧૮) સરકારી સેવા માટે નિયત થયેલ સેવાની અન્ય શરતો (દા.ત. શિસ્ત, વર્તણૂક, પગાર ભથ્થા, પેશગીઓ વગેરે) સરકારે વખતોવખત નક્કી કરેલ નિયમો મુજબ વિનિયમિત થશે.

(૧૯) કોઇ યોજના/કામો કચેરી બંધ થવાના કારણે જગ્યાઓ રદ થાય તેવા સંજોગોમાં રાજય સરકાર જગ્યાના અભાવે સંબંધિત ઉમેદવારને ફાજલ/સરપ્લસ જાહેર કરે તો તેમની નોકરીનો અંત આવશે. તેમ છતાં ગુજરાત મુલ્કી સેવા નિયમો મુજબ મળવાપાત્ર લાભો આપીને સરકાર તેમને છૂટા કરી શકશે અને તેવા સંજોગોમાં ઉમેદવાર નોકરીમાં ચાલુ રાખવાનો દાવો કરી શકાશે.નહી.

(૨૦) જો તેઓ નોકરીમાંથી રાજીનામુ આપવા ઇચ્છે તો રાજીનામુ આપતાં પહેલા ગુજરાત મુલ્કી સેવા (નોકરીની સામાન્ય શરતો) નિયમો,૨૦૦૨ના નિયમ-૩૩-એ ની જોગવાઇ મુજબ એક માસ પહેલાં સરકારને તેઓએ તેમના રાજીનામા બાબતની નોટીસ આપવાની રહેશે.

(૨૧) તેઓએ આ સાથે બિડેલ નમૂના મુજબનું જામીનખત અને જામીનમાં કરાર કરવાનો રહેશે. આ જામીનખત તેઓએ તથા તેમના બે જામીનોને સંયુકત અને અલગ રીતે એમ બંન્ને રીતે બંધનકર્તા રહેશે. તેઓએ પોતે રજુ કરેલા જામીનો રૂ.૫૦૦૦/- સુધીની રકમ માટે દાર અને હયાત છે તેવા સંબંધિત મામલતદારના પ્રાઅણપત્ર સાથે સચિવશ્રી(મ.બા.વિ.)ને હાજર થતી વખતે અથવા હાજર થયાની તારીખથી એક મહિનાની

ARS

- માન.મંત્રીશ્રી (મ.બા.ક)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક મંત્રીશ્રી (મ.બા.ક)ના અગંત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય,ગાંધીનગર
- કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં.૨૦, ડૉ.જીવરજ મહેતા ભવન, ગાંધીનગર
- નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોક નં.૨૦-ડૉ.જીવરજ મહેતા ભવન, ગાંધીનગર.
- તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, મ્યુનિસિપલ કમિશ્નરશ્રીની કચેરી,.............................
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, .............................
- તમામ નાયબ નિયામકશ્રી, જિ...........................
- તમામ પ્રોગ્રામ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, ............................
- તમામ પ્રોગ્રામ અધિકારીશ્રી, મ્યુનિસિપલ કમિશ્નરશ્રીની કચેરી, .........................
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- એકાઉન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ.
- મહાનિર્દેશકશ્રી, સરદાર પટેલ લોકપ્રશાસન સંસ્થા (સ્પીપા), અમદાવાદ)
- સબંધિત જિલ્લા તિજોરી અધિકારીશ્રી.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી અમદાવાદ/ગાંધીનગર.
- નિવાસી લેખાધિકારીશ્રી, ગાંધીનગર.
- શ્રીમતી પૂર્વી કે.પંચાલ, બી-૧૧, શાંતમણી એપાર્ટમેન્ટ, સત્યાગ્રહ છાવણી પાછળ, પ્રેમચંદ નગર રોડ, બોડકદેવ, સેટેલાઈટ, અમદાવાદ ૩૮૦ ૦૧૫
- સુશ્રી નેહાબેન બી.કંથારીયા, ૧૫૬-કેન્યાનગર હાઉસ, ઘર નં.૦૩, ન્યુ સમારોડ, વડોદરા-૩૯૦ ૦૦૮
- સુશ્રી ક્રિષ્ણાબેન કે.વૈષ્ણાણી, ફ્લેટ નં.૬, મુલચંન્દાની એપાર્ટમેન્ટ, સંતોષ સોસાયટી, વી.ડી.હાઈસ્કુલ, ભૂજ, ૩૭૦ ૦૦૧
- સુશ્રી દિશાબેન આર. ડોડિયા, હાઉસિંગ સોસાયટી, એસ.ટી. બસસ્ટેન્ડ પાછળ, અમરેલી-૩૬૫ ૬૦૧
- સીસ્ટમ મેનેજર,મહિલા અને બાળ વિકાસ વિભાગ,સચિવાલય,ગાંધીનગર વેબસાઇટ ઉપર મુકવા સારૂં.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.
- શાખા સિલેકટ ફાઇલ.

AKchristian

(અંકિતા ક્રિશ્ચયન)

ઉપસચિવ

મહિલા અને બાળ વિકાસ વિભાગ